અપીલ અરજી નં.૩૨૩ તા.૧–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૭–૧૧–૦૯ ની અરજીથી શ્રી એચ.એસ.દેસાઈ કે.કમિશ્નર (હે. અને હો.) તથા શ્રી સી.જે. ગામિત ડે.કમિશ્નર (પ અને ઈ)એ જે સાલમાં એસ.એમ.સી જોઈન્ટ કરી છે તેની તથા તેમના શૈક્ષણિક સર્ટીફિકેટસની માહિતી નકલ તથા શ્રી એચ.એસ.દેસાઈ ડે.કમિશ્નર (હે.અને હો.)ના ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, મુંબઈ–પ૮, તા.૭–૧–૧૯૯૨ નાં સર્ટીફીકેટની તથા યુનીર્વસીટી ઓફ કલકતા ડીપ્લોમાં ઈન પબ્લીક હેલ્થ એકઝામીનેશન એપ્રિલ–૧૯૯૮ ના સર્ટીફીકેટની સ્પષ્ટતા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૩/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૭–૧૧–૦૯ ની અરજીથી શ્રી એચ.એસ.દેસાઈ કે.કમિશ્નર (હે. અને હો.) તથા શ્રી સી.જે. ગામિત ડે.કમિશ્નર (પ અને ઈ)એ જે સાલમાં એસ.એમ.સી જોઈન્ટ કરી છે તેની તથા તેમના શૈક્ષણિક સર્ટીફિકેટસની માહિતી નકલ તથા શ્રી એચ.એસ.દેસાઈ ડે.કમિશ્નર (હે.અને હો.) ના ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, મુંબઈ–પ૮, તા.૭–૧–૧૯૯૨ નાં સર્ટીફીકેટની તથા યુનીર્વસીટી ઓફ કલકતા ડીપ્લોમાં ઈન પબ્લીક હેલ્થ એકઝામીનેશન એપ્રિલ–૧૯૯૮ ના સર્ટીફીકેટની સ્પષ્ટતા અંગેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૩૭ તા.૧૯–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૧ તા.૧૨–૧–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમાણપત્રો મળેલ છે કે કેમ? તથા અપીલમાં સ્પષ્ટતા શબ્દ પ્ર યોગ કયા સંદર્ભમાં છે તેની સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે સદરહુ પત્રના સંદર્ભમાં તા.૧૮–૧–૧૦ ના અપીલ ફોર્મમાં શ્રી એચ. એસ.દેસાઈ ડે.કમિશ્નર(હેઅનેહો) ના શૈક્ષણિક સર્ટીફીકેટની માહિતીની નકલ તથા બીજા સ્ટેટના સર્ટીફીકેટ અંગેની સ્પષ્ટતાની માહિતીની નકલ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક/જીએડી/ઈએસટી/૩૨૯૮ તા.૧૮–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર જીએડી/ઈએસટી/આર/૭૯૧ તા.૨–૧૨–૦૯ થી મધ્યસ્થ મહેકમમાં તબદીલ કર્યાના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૪૬ તા.૧–૧૨–૦૯ થી પર્સોનલ ઓફિસર(આર) ને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ચંપકલાલ જયંતિલાલ ગામીતની બી.એની માર્કશીટ, થર્ડ એલ.એલ.બી.ની માર્કશીટ તથા સર્ટીફીકેટ, મ્યુ. કમિશ્નરશ્રીની પત્ર નં.જીએડી/ઈએસટી/૦૧ તા.૧–૪–૦૯ ની નોંધ, મ્યુ. કમિશ્નરનો પત્રનં.જીએડી/ઈએસટી/૬૩૫ તા.૯–૬–૦૯ ની ઓર્ડરની નકલ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલ પત્ર નં. જીએડી/ઈએસટી/૨૭૭૯ તા.૭–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર ન.જીએડી/ઈએસટી/૨૯૩૭ તા.૧૯–૧૨–૦૯ ના પત્રની નકલ, શ્રી હેમંતકુમાર દેસાઈના એલ.એસ. જીડીના માર્કશીટની નકલ, તથા ડીપીએચની માર્કશીટની નકલ તથા તે પુરી પાડયા અંગે.જીએડી/ઈએસટી/૩૨૯૪ તા.૧૮–૧–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૧–૦૯ ની ઉપરોકત વિષય બાબતે માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર(આર) મહેકમ વિભાગને સંબોધતી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે અરજી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૪૬ તા.૧–૧૨–૦૯ થી પર્સોનલ ઓફિસરને મોકલવામાં આવેલ. જે પર્સોનલ ઓફિસર રીક્રુ ટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૯૧ તા.૨–૧૨–૦૯ થી પર્સોનલ ઓફિસર મહેકમને આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જે અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૭૯ તા.૭–૧૨–૦૯ ના રોજ પત્ર પાઠવી પાના નંગ–પ પાના દીઠ રૂ.૨/– લેખે કુલ્લે રૂ.૧૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રૂ.૧૦ રસીદ નં.૧૧૩પ૩૯ તા.૧પ–૧૨–૦૯ થી ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૩૭ તા.૧૯–૧૨–૦૯ થી અરજદારને ડે.કમિશ્નર (હે અને હો) ના હોદ્દાનો ચાર્જ સંભાળતા અધિકારીની મેડીકલ ઓફિસર તરીકે સને ૧૯૮૩ માં નિમણુંક થયેલ. વધુમાં તેઓને ડે.કમિશ્નર(હે અને હો) તરીકે નિમણુંક આપવામાં આવેલ નથી. પરંતુ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૦૧ તા.૧–૪–૦૯ થી સદર હોદ્દા હેઠળના ખાત વિભાગોની કામગીરી તેઓના તાબા હેઠળ મુકવામાં આવેલ છે. ત્યાર બાદ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૩પ તા.૯–૬–૦૯ થી ડે.કમિશ્નરશ્રી (હે અને હો) ના હોદ્દાનો ચાર્જ આપવામાં આવેલ છે. ડે.કમિશ્નર(પઅનેઈ) ની નિમણુંક સને ૧૯૯૦ માં કરવામાં આવેલ છે. અને તેઓના

શૈક્ષણિક લાયકાત બાબતેના સર્ટીફીકેટની નકલ પત્ર સાથે સામેલ કરેલ જણાવેલ છે. જેની નકલ પણ પૂરક વિગતોમાં રજૂ કેરલ છે. જે બાબતે અરજદારે તા.૧–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી શ્રી એચ.એસ. દેસાઈ ડે.કમિશ્નર(હે અને હો)ના ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, મુંબઈ–૫૮, તા.૭–૧–૧૯૯૨ નાં સર્ટીફીકેટની તથા યુનીર્વસીટી ઓફ કલકતા ડીપ્લોમાં ઈન પબ્લીક હેલ્થ એકઝામીનેશન એપ્રિલ–૧૯૯૮ ના સર્ટીફીકેટની સ્પષ્ટતા અંગેની માહિતીની રજૂઆત કરેલ છે. જે બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૯૪ તા.૧૮–૧–૧૦ થી શ્રી એચ. એસ. દેસાઈ આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) ના ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટની તા.૭–૧–૯૨ ની નકલ તથા યુર્નિસીટી ઓફ કલકતા ડીપ્લોમાં ઈન. પબ્લીક હેલ્થ એકઝામીનેશન એપ્રિલ–૧૯૯૮ ની ગુણપત્રકની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,